**001.** The ________ you work hard, ________ result you get. (much + good)

(A) more .......... better (B) more .......... best

(C) less .......... batter (D) more ......... batter

**002.** નીચે પૈકી શેમાં ટાર્ટરિક એસિડ હોય છે?

(A) વિનેગરમાં (B) લીંબુમાં

(C) નારંગીમાં (D) આમલીમાં

**003.** 'મન ગમયંતી બોલ દમયંતી નળે પાડ્યો સાદ' - અલંકાર ઓળખાવો.

(A) અનન્વય (B) વર્ણાનુપ્રાસ

(C) શબ્દાનુપ્રાસ (D) રૂપક

**004.** IP નું પુરું નામ શું છે?

(A) Information Protocol (B) Intranet Protocol

(C) Internal Protocol (D) Internet Protocol

**005.** વિધાનસભાની બેઠક બોલાવવાની સત્તા કોની પાસે છે?

(A) મુખ્યમંત્રી (B) વિધાનસભા અધ્યક્ષ

(C) નાયબ મુખ્યમંત્રી (D) રાજ્યપાલ

**006.** They ________ the rebels in the market place.

(A) hunged (B) hanged

(C) hangs (D) none

**007.** દુહાનાં મુખ્ય લક્ષણો જણાવો.

(A) ગેયતા, લંબાણ (B) ચોટ, લાઘવ

(C) આરોહ, અવરોહ (D) લય, ગતિ

**008.** નાનામાં નાની પૂર્ણવર્ગ સંખ્યા શોધો જે 3, 4, 5, 6, 8 વડે નિઃશેષ ભાગી શકાય.

(A) 3600 (B) 30

(C) 60 (D) 1600

**009.** આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા તાજેતરમાં ભારતની સૌથી મોટી રોડટનલ "ચેનાની-નાશરી" નું લોકાર્પણ કરવામાં આવ્યું. આ ટનલ કયા બે જિલ્લાઓને જોડે છે?

(A) ઊધમપુર - રીઆસી
(B) ગંડેરબલ - ઊધમપુર
(C) ઊધમપુર - રામબન
(D) સાંબા - કુલગામ

**010.** ડિઝલ વાહનોના ધુમાડામાં રહેલા પદાર્થોને ઓળખી બતાવો.

(A) સલ્ફર ડાયોક્સાઇડ અને સિસુ
(B) કણયુક્ત કચરો અને બેન્ઝીન
(C) નાઇટ્રસ ઓકસાઇડ અને બેન્ઝીન
(D) સલ્ફર ડાયોક્સાઇડ અને નાઇટ્રસ ઓકસાઇડ

**011.** છંદ શાસ્ત્રમાં કુલ __________ ગણની રચના કરી છે.

(A) ચાર
(B) છ
(C) આઠ
(D) દસ

**012.** Give opposite gender for : 'Monk'

(A) Nun
(B) Priest
(C) Friar
(D) Monky

**013.** પુરાતત્વ ખાતા દ્વારા જુના સ્થાપત્યોની જાળવણીને સરકાર દ્વારા અત્યંત મહત્વ આપવામાં આવી રહ્યું છે અને એના માટે અલાયદા હેરિટેજ સેલની રચના કરવામાં આવી છે. આ બાબતની સતત પ્રતીતિ થતી રહે અને સ્થાપત્યોને મહત્વ મળતું રહે એ ઉદ્દેશ સાથે પ્રતિવર્ષ 'વર્લ્ડ હેરીટેજ ડે' ક્યા દિવસે મનાવવામાં આવે છે?

(A) 18મી ઓક્ટોબર
(B) 15મી મે
(C) 18મી એપ્રિલ
(D) 17મી માર્ચ

**014.** સાચાં જોડકાં જોડો.

| અ | બ |
|---|---|
| (1) Lion | (a) Hive |
| (2) Cow | (b) Web |
| (3) Bee | (c) Den |
| (4) Spider | (d) Pen |

(A) 1↔c, 2↔a, 3↔b, 4↔d
(B) 1↔d, 2↔a, 3↔b, 4↔c
(C) 1↔c, 2↔d, 3↔a, 4↔b
(D) 1↔a, 2↔d, 3↔b, 4↔c

**015.** 'ડેલીની ખડકીનેય કલર કરાવ્યો' વાક્યમાં નિપાત જણાવો.

(A) ય
(B) નેય
(C) ને
(D) યો

**016.** Give antonym of 'clergy'.

(A) unclergy
(B) inclergy
(C) declergy
(D) laity

**017.** ખેડાના સત્યાગ્રહ સમયે ગુજરાત સભાના પ્રમુખ કોણ હતા?

(A) વલ્લભભાઈ પટેલ
(B) મોહનલાલ પંડ્યા
(C) ગાંધીજી
(D) વિઠ્ઠલભાઈ પટેલ

**018.** મધ્યપ્રદેશની હદને ગુજરાત રાજ્યના કયા બન્ને જિલ્લાની હદ મળે છે?

(A) મહીસાગર-દાહોદ
(B) દાહોદ-છોટા ઉદેપુર
(C) છોટા ઉદેપુર-નર્મદા
(D) પંચમહાલ-દાહોદ

**019.** 'શામળશાનો વિવાહ' કૃતિના કવિ કોણ?

(A) દયારામ
(B) નરસિંહ મહેતા
(C) પ્રેમાનંદ
(D) શામળ

**020.** ઘેલા નદીના કિનારે આવેલ ઘેલા-સોમનાથ કયા જિલ્લામાં આવેલું છે?

(A) રાજકોટ
(B) ભાવનગર
(C) ગીર સોમનાથ
(D) જુનાગઢ

**021.** ________ sickness, she appeared at the examination.

(A) Instead of
(B) Inspite of
(C) Due to
(D) Because of

**022.** 5 પેનની મૂળ કિંમત = 4 પેનની વેચાણ કિંમત ∴ ________ % નફો થાય.

(A) 25
(B) 20
(C) $11\frac{1}{9}$
(D) $22\frac{3}{4}$

**023.** આપેલ શબ્દ માટે વિકલ્પોમાંથી સમાનાર્થી શબ્દ શોધો.

કાનન -

(A) વન
(B) કૂમળું
(C) કાજળ
(D) કર્મ

**024.** કરોડરજ્જુની શરૂઆત ક્યાંથી થાય છે?

(A) બ્રહદમસ્તિષ્ક
(B) લંબમજ્જા
(C) અનુમસ્તિષ્ક
(D) સેતુ

**025.** બિનજરૂરી મેઈલને કયા નામે ઓળખવામાં આવે છે?

(A) Junk Mail
(B) Temp Mail
(C) Extra Mail
(D) Trash Mail

**026.** Find out the correct sentence :

(a) You will be suspended if you pay your fees.
(b) You will be suspended unless you don't pay your fees.
(c) You will be suspended if you had paid your fees.
(d) You will be suspended unless you pay your fees.

(A) c
(B) a
(C) d
(D) b

**027.** લોકપરંપરાની ઉત્કટ સંવેદનાઓ કયા કાવ્યપ્રકારમાં વ્યક્ત થાય છે?

(A) પદ
(B) ભજન
(C) આખ્યાનખંડ
(D) લોકગીત

**028.** અવલોકનો 12, 13, $x$, 17, 18, 20 નો મધ્યક 16 હોય તો $x$ ની કિંમત શું હશે?

(A) 36
(B) 16
(C) 26
(D) 46

**029.** ગ્રામ પંચાયતની ખાસ સભા કેટલા દિવસની નોટિસથી મળી શકે?

(A) ચોખ્ખા 5 દિવસ
(B) ચોખ્ખા 3 દિવસ
(C) ચોખ્ખા 7 દિવસ
(D) ચોખ્ખા 4 દિવસ

030. રાજ્યમાં ભૂખમરા અને કુપોષણથી થતા મૃત્યુને રોકવા તેમ જ ઘરવિહોણા અને અનાથને વિનામૂલ્યે માસિક ઘઉંનું વિતરણ કરવા કઇ યોજના અમલમાં મૂકેલ છે?

(A) અન્નદાતા (B) અન્નબ્રહ્મ
(C) અન્નપૂર્ણા (D) અન્નસેવા

031. નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિરોધી શબ્દ જણાવો.

(A) ગર્વ × અભિમાન (B) ઠાઠ × વૈભવ
(C) ઉપકાર × અપકાર (D) નેહ × સ્નેહ

032. The dinner _________ before I arrived.

(A) will be served (B) is served
(C) has been served (D) had been served

033. ગાંધીનગર સ્થિત ગીફ્ટ સીટી (GIFT) નું પુરું નામ જણાવો.

(A) ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક-સીટી
(B) ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ફાયનાન્સ ટેક્નોલોજી-સીટી
(C) ગુજરાત ઈન્ટરનેશનલ ફાયબર્સ ટેક-સીટી
(D) ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ફાયનાન્શીયલ ટેક્સ-સીટી

034. સ્વતંત્રતા સંગ્રામ દરમ્યાન ખેડાનો સત્યાગ્રહ શા કારણોસર કરવામાં આવ્યો હતો?

(A) ખેડૂતોનું દેવું માફ કરવા (B) મહેસુલ માફ કરવા
(C) અનાજ ઉપરની જકાત માફ કરવા (D) ખેતમજૂરોને પૂરતા નાણાં અપાવવા

035. મીંડા આગળ એકડો માંડવો - રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(A) ગણિતના દાખલા કરવા (B) શૂન્યમાંથી સર્જન કરવું
(C) હિસાબ કરવો (D) સરવાળો કરવો

036. Plural form of 'Brother'.
(members of a society or community)

(A) Brotherse (B) Brethren
(C) Brotheres (D) Bretheren

**037.** Fill in the gap.

Current : Circuit : : Earth : _______

(A) Planet (B) Solar System

(C) Orbit (D) Path

**038.** હાલોલ તાલુકો ગુજરાત રાજ્યના કયા જિલ્લામાં આવેલ છે?

(A) સુરત (B) ડાંગ

(C) દાહોદ (D) પંચમહાલ

**039.** 'જે કોઈ પ્રેમઅંશ અવતરે' કાવ્યના કવિ કોણ?

(A) મીરાં (B) નરસિંહ

(C) દયારામ (D) શામળ

**040.** નીચે દર્શાવેલ જોડકા યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| (a) ભગવાન શ્રીકૃષ્ણના દેહત્યાગ થયાની માન્યતા ધરાવતું સ્થળ - ભાલકાતીર્થ | (1) પોરબંદર જિલ્લો |
| (b) નૌકા સેના માટેનું તાલિમ કેન્દ્ર - વાલસુરા | (2) ગીર સોમનાથ જિલ્લો |
| (c) રમણીય દરિયા કિનારો ધરાવતું સ્થળ - ચોરવાડ | (3) જામનગર જિલ્લો |
| (d) હર્ષદ માતાનું પવિત્ર યાત્રાધામ - મિયાણી | (4) જુનાગઢ જિલ્લો |

(A) a-2, b-4, d-3, c-1 (B) b-3, d-1, c-2, a-4

(C) d-1, c-4, a-2, b-3 (D) c-4, a-3, b-2, d-1

**041.** They _______ the silver lamps from the ceiling.

(A) hangs (B) hanged

(C) hung (D) hunged

**042.** આલ્કીન શ્રેણીનું સામાન્ય સૂત્ર કયું છે?

(A) $C_nH_{2n+2}$ (B) $C_nH_{2n}$

(C) $C_nH_{2n-2}$ (D) $C_nH_n$

043. શબ્દસમૂહોને બદલે એક શબ્દ વાપરવાથી ભાષાની લખવાની-બોલવાની અભિવ્યક્તિમાં શું આવે છે?

(A) અર્થછાયા
(B) ભાવપલટો
(C) ચમત્કૃતિ
(D) લાઘવ

044. જો $a \neq 0, b \neq 0$ તો $(a^6)^3 (b^4)^7 =$ ______

(A) $a^0 b^0$
(B) $a^{18} b^{18}$
(C) $a^{18} b^{28}$
(D) $a^{28} b^{18}$

045. HTTP નું પૂરું નામ શું છે?

(A) Hyper Text Transfer Protocol
(B) Hyper Text Transformation Protocol
(C) Hyper Text Translation Protocol
(D) Hyper Text Timeline Protocol

046. Opposite gender of 'Abbot'.

(A) Abbotress
(B) Abbotess
(C) Abbess
(D) Abbotee

047. ભગવદ્ગીતાની દૃષ્ટિએ 'સ્થિતપ્રજ્ઞ' કોને કહે છે?

(A) અમુક કામ અમુક સમયે કરનાર
(B) લાભ-હાનિ વિચારનાર
(C) દરેક બાબતમાં બુદ્ધિને સ્થિર રાખનાર
(D) આચરણમાં આળસ કરનાર

048. રાષ્ટ્રપતિ ક્યારે બિલને સંમતિ (મંજૂરી) આપે છે?

(A) લોકસભા બિલ પસાર કરે ત્યારે
(B) રાજ્યસભા બિલ પસાર કરે ત્યારે
(C) લોકસભા અને રાજ્યસભા બંને સભા બિલ પસાર કરે ત્યારે
(D) (A), (B) અને (C) ત્રણમાંથી એકપણ નહીં

049. ગુજરાત રાજ્યના નાણાંપ્રધાન શ્રી નીતિનભાઈ પટેલ દ્વારા તાજેતરમાં વિધાનસભામાં રજૂ કરવામાં આવેલ બજેટ 2017-18 અન્વયે ઓનલાઈન બેન્કીંગ દ્વારા ઈ-પેમેન્ટ પધ્ધતિથી સાયબર ટ્રેઝરી મારફત રાજ્યની તીજોરીમાં વેરો ભરવાની સુવિધા કઈ તારીખથી અમલમાં મુકવાનું જાહેર કરવામાં આવેલ છે?

(A) 15-4-2017 (B) 1-5-2017
(C) 1-4-2017 (D) 15-5-2017

050. જો $P(A) = 0.36$ હોય તો $P(\overline{A}) =$ ________

(A) 0.6 (B) 0.18
(C) 0.72 (D) 0.64

051. નીચે આપેલ વિકલ્પોમાંથી સાચી જોડણી શોધીને લખો.

(A) પ્રતિનિધિ (B) પ્રતિનીધી
(C) પ્રતિનિધી (D) પ્રતિનીધિ

052. નેતાજી સુભાષચંદ્ર બોઝ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ભારતના કયા શહેરમાં આવેલું છે?

(A) જોરહટ (B) બેંગ્લોર
(C) કોલકત્તા (D) નવી મુંબઈ

053. ભરૂચનું પ્રાચીન નામ શુ હતું?

(A) ભૃગુપુર (B) સ્તંભતીર્થ
(C) દધીપ્રદ્ર (D) ભૃગુકચ્છ

054. રાધનપુર તાલુકો ગુજરાત રાજ્યના કયા જિલ્લામાં આવેલ છે?

(A) મહેસાણા (B) પાટણ
(C) આણંદ (D) તાપી

055. આપેલ શબ્દ માટે વિકલ્પોમાંથી સમાનાર્થી શબ્દ શોધો.

તટ -

(A) તૂટ (B) કાંઠો
(C) ટાણું (D) ઝટ

056. Make assertive sentence :

What an interesting story this is!

(A) An interesting story this is.
(B) This is interesting story.
(C) This story is uninteresting
(D) This is a very interesting story.

057. ગાયકવાડ રાજવીઓનું પૌરાણિક રાજ્યસ્થળ વ્યારા કયા જિલ્લામાં આવેલું છે?

(A) સુરત
(B) નવસારી
(C) તાપી
(D) જુનાગઢ

058. જો $\frac{x}{3} = \frac{16}{y} = 4$ હોય તો $x + y$ ની કિંમત કેટલી થાય?

(A) 26
(B) 48
(C) 28
(D) 16

059. 'ડાંડિયો' મુખપત્ર કોણે શરૂ કર્યું હતું?

(A) ન્હાનાલાલ
(B) કાન્ત
(C) કલાપી
(D) નર્મદ

060. એસિટોનનું IUPAC નામ શું છે?

(A) પ્રોપેનાલ
(B) પ્રોપેનોન
(C) પ્રોપેનોઈક એસિડ
(D) પ્રોપેનોલ

061. Change the degree :

'He plays better than Rohan.'

(A) Rohan plays as well as he.
(B) Rohan does not play so well as he.
(C) He does not play so good as Rohan.
(D) Rohan plays as good as he.

062. DNS નું પૂરું નામ શું છે?

(A) Domain Name Section
(B) Demain Name Store
(C) Domain Name System
(D) Domain Name Selection

063. નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિરોધી શબ્દ જણાવો.

(A) ગજ × દ્વિપ
(B) સૂર્ય × રવિ
(C) ચારુ × કાન્ત
(D) છાનીમાની × જાહેર

064. આપણા દેશમાં 'પંચાયતી રાજ' કેટલા સ્તરનું છે?

(A) એક-સ્તરીય
(B) ત્રિ-સ્તરીય
(C) પંચ-સ્તરીય
(D) દ્વિ-સ્તરીય

065. વર્તુળના પરિઘ ઉપર 12 બિંદુઓ છે, આ બિંદુઓ જેના અંત્યબિંદુ હોય તેવી ________ જીવા બને.

(A) 66
(B) 132
(C) 96
(D) 144

066. I am a fast bowler, ________ ?

(A) amn't I ?
(B) ain't I ?
(C) are I ?
(D) do I ?

067. 'શાલભંજિકા' નો વિસ્તૃત અર્થ શો થાય?

(A) લાકડાના થાંભલાઓમાં ઊંચે જડવામાં આવતી ધાતુની પૂતળી
(B) લાકડાના થાંભલાઓમાં ઊંચે જડવામાં આવતી લાકડાની પૂતળી
(C) લાકડાના થાંભલાઓમાં ઊંચે જડવામાં આવતી સુવર્ણની પૂતળી
(D) લાકડાના થાંભલાઓમાં ઊંચે જડવામાં આવતી ચાંદીની પૂતળી

068. ભારતના 68મા પ્રજાસત્તાક દિને રાષ્ટ્રપતિ દ્વારા 2017 ના વર્ષ માટે કયા મહાનુભાવને પદ્મ વિભૂષણ પુરસ્કાર આપવાની જાહેરાત કરવામાં આવી?

(A) સ્વામી નીરંજનાનંદ સરસ્વતી
(B) પ્રો. રામાસ્વામી
(C) મહાસક્રી સિરિન્ધોર્ન
(D) યશુદાસ

069. યોગ્ય રીતે જોડકો જોડો.

| | |
|---|---|
| (H) મણિપુર | (1) હૈદરાબાદ |
| (I) મેઘાલય | (2) દીસપુર |
| (J) તેલંગણા | (3) શિલોંગ |
| (K) આસામ | (4) ઈમ્ફાલ |

(A) I-1, K-2, J-3, H-4
(B) J-1, H-4, I-3, K-2
(C) H-4, J-1, I-2, K-3
(D) K-2, I-3, J-4, H-1

070. ક્રાંતિકારી શ્યામજી કૃષ્ણ વર્માનું વતન કયું હતું?

(A) માંડવી, કચ્છ
(B) ભૂજ
(C) ભચાવ
(D) ગાંધીધામ

071. રૂઢિપ્રયોગનો અર્થ શોધીને લખોઃ
ખેલ માંડવો

(A) રમત રમવી
(B) ખેલની શરૂઆત
(C) ખેલ કરવો
(D) નાટકની શરૂઆત કરવી

072. Give plural form of : 'ratio'

(A) ratios
(B) ratioes
(C) raties
(D) rateos

073. ABCD માં $(A \rightarrow Z = 26 \rightarrow 1)$ મુજબ જોતાં $A = S$, $F = X$ અને $K = T$ હોય તો $G =$ _________ .

(A) Q
(B) P
(C) N
(D) Y

074. ગુજરાત રાજ્યમાં આવેલ ખેડા જિલ્લાને કયા તમામ (ચારેય) જિલ્લાઓની હદ સ્પર્શે છે?

(A) અમદાવાદ જિલ્લો, છોટા ઉદેપુર જિલ્લો, અરાવલી જિલ્લો, ભરૂચ જિલ્લો
(B) પંચમહાલ જિલ્લો, અરાવલી જિલ્લો, ગાંધીનગર જિલ્લો, મહીસાગર જિલ્લો
(C) છોટા ઉદેપુર જિલ્લો, આણંદ જિલ્લો, પંચમહાલ જિલ્લો, ગાંધીનગર જિલ્લો
(D) વડોદરા જિલ્લો, મહીસાગર જિલ્લો, તાપી જિલ્લો, અમદાવાદ જિલ્લો

075. 'ઇચ્છા સ્પૃહા કે ઝંખના કરવા યોગ્ય' - શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(A) સ્મરણીય
(B) અવિસ્મરણીય
(C) રમણીય
(D) સ્પૃહણીય

**076.** Our teacher told us that knowledge is power. (Change the voice)

(A) We were told by our teacher that knowledge is power.

(B) It is told by our teacher that knowledge should be power.

(C) It is told by our teacher knowledge must be power.

(D) It is told by our teacher that knowledge could be power.

**077.** ખોડિયાર માતાનું પવિત્ર સ્થાનક રાજપરા કયા જિલ્લામાં આવેલું છે?

(A) પોરબંદર (B) ભરૂચ

(C) અરાવલી (D) ભાવનગર

**078.** યકૃત અને બરોળ મોટા થવા એ કયા રોગનું લક્ષણ છે?

(A) ન્યુમોનિયા (B) મેલેરિયા

(C) શરદી (D) ટાઈફોઈડ

**079.** નીચેનામાંથી કોણ 'સંસ્કૃતિ' સામયિકના તંત્રી હતા?

(A) ગૌરીશંકર જોશી (B) વિનોદ જોશી

(C) સુરેશ જોશી (D) ઉમાશંકર જોશી

**080.** સરખી રીતે ચીપેલા 52 પત્તાની થપ્પીમાંથી યાદચ્છીક રીતે એક પાનુ ખેંચતા તે પાનુ ચિત્રવાળુ અને એક્કો હોય તેની સંભાવના = ________ .

(A) 0 (B) 3/13

(C) 1/13 (D) 4/13

**081.** Use appropriate verb form:

The patient ________ if the doctor had come on time.

(A) could have been saved (B) would have saved

(C) was saved (D) will be saved

**082.** MS Power Point માં સ્લાઈડ શો શરૂ કરવા માટેની ફંકશન કી કઈ છે?

(A) F4 (B) F5

(C) F6 (D) F7

**083.** નીચેનામાંથી સાચી જોડણીવાળો શબ્દ શોધો.

(A) પરિક્ષીત (B) પરીક્ષીત

(C) પરીક્ષિત (D) પરિક્ષિત

**084.** બંધારણ સભાએ ક્યારે રાષ્ટ્રગીત સ્વીકાર્યું?

(A) 25 જાન્યુઆરી, 1950 (B) 26 જાન્યુઆરી, 1950

(C) 24 જાન્યુઆરી, 1950 (D) 29 જાન્યુઆરી, 1950

**085.** TRAI ની સ્થાપના ક્યારે થઈ?

(A) 1999 (B) 1991

(C) 1997 (D) 2002

**086.** Adjective form of 'move'.

(A) movable (B) moveabel

(C) moveable (D) movement

**087.** 'ચક્ષુઃશ્રવા' કોને કહેવાય?

(A) કાનથી સાંભળનાર (B) કાન અને આંખોથી પારખનાર

(C) આંખોથી સાંભળનાર (D) કાનથી બેહરો, આંખોથી અંધ

**088.** સાદુ વ્યાજ શોધવાનું સૂત્ર ________ છે.

(A) $I = \frac{PRN}{100}$ (B) $P = \frac{IRN}{100}$

(C) $I = \frac{PRN}{200}$ (D) $R = \frac{PIN}{100}$

**089.** ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા રાજ્યના વિકાસ માટે લેવાયેલ ઝડપી નિર્ણયો અંતર્ગત રાજ્ય સરકારની વર્ગ-3ની જગ્યાઓ પર સીધી ભરતીમાં પ્રતીક્ષા યાદીનું કદ કેટલું કરવામાં આવ્યું?

(A) 20% (B) 33%

(C) 10% (D) કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી

090. ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીના દિલ્હી ખાતેના સમાધિ સ્થળને કયા નામથી ઓળખવામાં આવે છે?

(A) શાસ્ત્રી ઘાટ
(B) રાજ ઘાટ
(C) વિજય ઘાટ
(D) લાલ ઘાટ

091. બહુવ્રીહિ સમાસનું કયુ સાચું ઉદાહરણ નથી તે જણાવો.


(A) મયૂરવાહિની
(B) નમાયાં
(C) દીર્ઘદષ્ટિ
(D) ક્ષુધાતુર

092. Fill in the blank.

Our freedom fighters had __________ many hardships.

(A) born
(B) borne
(C) bourn
(D) bourne

093. પ્રશ્નાર્થ (?) વાળા ખાનામાં યોગ્ય જવાબ દર્શાવો.




(A) 38
(B) 58
(C) 27
(D) 32

094. ગુજરાતનું કયુ દેશી રાજ્ય પાકિસ્તાન સાથે જોડાવા તૈયાર થયું હતું?

(A) વડોદરા
(B) ગોંડલ
(C) ભાવનગર
(D) જુનાગઢ

095. નીચે આપેલ વાક્યમાં રેખાંકિત શબ્દનો કૃદંતનો પ્રકાર જણાવો.

તું ખાવાનું <u>મોકલનાર</u> કોણ?

(A) ભૂતકૃદંત
(B) આજ્ઞાર્થકૃદંત
(C) ભવિષ્યકૃદંત
(D) વિધ્યર્થકૃદંત

**096.** Give past tense of : 'seek'

(A) seeked (B) sook

(C) shake (D) sought

**097.** વિસાવદર તાલુકો ગુજરાત રાજ્યના કયા જિલ્લામાં આવેલ છે?

(A) જુનાગઢ (B) અમદાવાદ

(C) નર્મદા (D) વડોદરા

**098.** ખંભલાય માતાનું પવિત્ર સ્થાનક માંડલ કયા જિલ્લામાં આવેલું છે?

(A) ગાંધીનગર (B) મહેસાણા

(C) અમદાવાદ (D) રાજકોટ

**099.** 'આદિલ' મન્સૂરીનું પૂરું નામ જણાવો.

(A) મહમ્મદ ફકીર ગુલામનબી મન્સૂરી (B) ગુલામનબી મહમ્મદ ફકીર મન્સૂરી

(C) ફકીર મહમ્મદ ગુલામનબી મન્સૂરી (D) ગુલામનબી ફકીર મહમ્મદ મન્સૂરી

**100.** બે અંકોની એક સંખ્યાનો એકમનો અંક $(x-1)$ અને દશકનો અંક $(x+1)$ હોય તો તે સંખ્યા કઇ હશે?

(A) $10x+10$ (B) $11x+11$

(C) $11x+10$ (D) $11x+9$

**101.** ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા રાજ્યના વિકાસ માટે લેવાયેલ ઝડપી નિર્ણયો અંતર્ગત આદિજાતિ યુનિવર્સિટીનું નિર્માણ ક્યાં કરવાનું નક્કી કરવામાં આવેલ છે?

(A) કેવડીયા (B) રાજપીપળા

(C) રાજકોટ (D) ગોધરા

**102.** Take care ________ you fall.

(A) lest (B) so that

(C) and (D) though

103. 'ધૂમકેતુ' નું મૂળ નામ શું છે?
(A) ગુલાબદાસ (B) પ્રેમશંકર
(C) સોમનાથ (D) ગૌરીશંકર

104. જો 467 નો અર્થ "leaves are green", 485 નો અર્થ "green is good" અને 639 નો અર્થ "They are playing" થતો હોય તો નીચેનામાંથી ક્યો વિકલ્પ "leaves" માટે હોય?
(A) 4 (B) 6
(C) 7 (D) 3

105. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચે સંદેશા વ્યવહારમાં મુખ્ય ચેનલ તરીકે કોણ કામ કરે છે?
(A) મુખ્ય પ્રધાન (B) રાજ્યપાલ
(C) મુખ્ય સચિવ (D) પ્રભારી મંત્રી

106. નીચેનામાંથી ગ્રીન હાઉસ ગેસના સહુથી મોટા સ્રોતને ઓળખો.
(A) ઔદ્યોગિક પ્રક્રિયા (B) થર્મલ પાવર પ્લાન્ટ
(C) કૃષિ (D) વાહન-વ્યવહાર

107. નીચે આપેલ સાચા શબ્દ સમૂહ માટે એક શબ્દ શોધીને લખો.
સ્પષ્ટ ઉચ્ચારેલી વાણી -
(A) બોલી (B) ભાષા
(C) વૈખરી (D) શબ્દો

108. Find similar sentence:
Seeing the jeep of police, thief ran away.
(A) Had the thief seen the jeep of police, he ran away.
(B) Having seen the jeep of police, the thief ran away.
(C) If the thief had seen the jeep of police, he had run away.
(D) The thief saw the jeep of police because he ran away.

**109.** જિલ્લા આયોજન સમિતિની રચના શાના હેઠળ કરવામાં આવે છે?

(A) 73મો બંધારણ સુધારો (B) 74મો બંધારણ સુધારો

(C) રાજ્ય નીતિના માર્ગદર્શક સિધ્ધાંતો (D) આયોજન પંચની માર્ગ રેખાઓ

**110.** માર્ચ-2017 ના અંતમાં ક્યા દેશની સંસદની બહાર આતંકી હુમલો થયો હતો?

(A) તુર્કી (B) અમેરિકા

(C) યુ.કે. (D) અફઘાનિસ્તાન

**111.** નીચે આપેલ વિકલ્પોમાંથી સાચી જોડણી શોધીને લખો.

(A) મ્યુનીસિપાલિટી (B) મ્યુનિસીપાલીટિ

(C) મ્યુનિસિપાલિટી (D) મ્યુનિસિપાલીટી

**112.** Success often depends on your ability to ________ yourself to changing circumstances.

(A) adopt (B) adept

(C) adapt (D) adoupt

**113.** બે ટ્રેનની લંબાઈ 185 m. અને 215 m. છે. તેઓની ઝડપ અનુક્રમે 50 km/hr. અને 40 km/hr. છે. બંને ટ્રેન વિરુધ્ધ દિશામાં સમાંતર લાઈન પર દોડે છે. કેટલા સમયમાં એકબીજાને પસાર કરશે?

(A) 12 સેકન્ડ (B) 15 સેકન્ડ

(C) 16 સેકન્ડ (D) 1 મીનીટ

**114.** રાજ્ય સરકાર દ્વારા ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર ઈન કેરોસીન યોજના અંતર્ગત પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમલવારી કરવા કુલ કેટલા જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે?

(A) સાત (B) નવ

(C) તેર (D) ઓગણીસ

**115.** મુક્તકનો વિશેષ ગુણ ક્યો છે?

(A) છંદ (B) ચમત્કૃતિ

(C) પારદર્શિતા (D) સચોટતા

116. વર્ષ 1687 માં ભારતમાં સૌ પ્રથમ મહાનગરપાલિકાની સ્થાપના ક્યાં કરવામાં આવી?

(A) મદ્રાસ (B) બોમ્બે

(C) કલકત્તા (D) દિલ્હી

117. Select single word for the following phrase:

"Person who eats human flesh"

(A) Veteran (B) Cantabile

(C) Cannibal (D) Trencherman

118. રિઝર્વ બેંકની સ્થાપના કરતો કાયદો ક્યારે થયો?

(A) 1934 (B) 1937

(C) 1947 (D) 1949

119. 'મહાદેવ' શબ્દનો સમાસ ઓળખાવો.

(A) કર્મધારય (B) બહુવ્રીહી

(C) ઉપપદ (D) મધ્યમપદ લોપી

120. ________ નામનાં ગણિત શાસ્ત્રીએ તાર્કિક રીતે શુદ્ધ ભૂમિતિની રચના કરી જેથી "ભૂમિતિનું માળખું" તૈયાર થયું.

(A) યુક્લીડ (B) થેલ્સ

(C) હિલબર્ટ (D) આર્યભટ્ટ

121. ગુજરાત રાજ્યના વિવિધ શહેરોમાં શાકભાજીના હોલસેલ વ્યવસાય માટે રચવામાં આવેલ માર્કેટ યાર્ડ APMC (એ.પી.એમ.સી.) નું પૂરૂં નામ જણાવો.

(A) એગ્રીકલ્ચરલ પ્રોડ્યુસ માર્કેટ કમીટી

(B) એગ્રીકલ્ચરલ પ્રોડક્ટસ માર્કેટ કમીટી

(C) એગ્રીકલ્ચરલ પ્રોડક્ટસ મેન્યુફેક્ચરીંગ કમીટી

(D) એગ્રીકલ્ચરલ પ્રોડ્યુસ મેન્યુફેક્ચરીંગ કમીટી

122. Give past tense of 'To bereave'.

(A) beareved (B) bereft

(C) bereved (D) bareaved

123. નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| (a) બંસીલાલ વર્મા | (1) અદલ |
| (b) ધીરૂભાઈ ઠાકર | (2) સવ્યસાચી |
| (c) ઝીણાભાઈ દેસાઈ | (3) ચકોર |
| (d) અરદેશર ખબરદાર | (4) સ્નેહરશ્મિ |

(A) a-1, c-3, b-2, d-4
(B) c-4, a-3, d-1, b-2
(C) d-3, b-4, a-1, c-2
(D) b-2, d-3, c-1, a-4

124. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ સમયે ખમીરવંતા ગુજરાતીઓએ કરેલી ઐતિહાસિક પ્રવૃત્તિઓને અનુલક્ષીને નીચેના જોડકા જોડો.

| | |
|---|---|
| (a) સ્વદેશી અભિયાનના પ્રણેતા | (1) મોહનદાસ ગાંધી |
| (b) ધી ઈન્ડિયન સોશિઓલોજિસ્ટ માસિક | (2) અંબાલાલ સાકરલાલ દેસાઈ |
| (c) 'છોટે સરદાર' | (3) ડૉ. ચંદુલાલ દેસાઈ |
| (d) યંગ ઈન્ડિયા સાપ્તાહિક | (4) શ્યામજી કૃષ્ણ વર્મા |

(A) b-1, c-4, d-3, a-2
(B) c-3, d-1, a-2, b-4
(C) d-2, a-4, b-3, c-1
(D) b-2, d-4, c-3, a-1

125. ચામુંડા માતાનું સુપ્રસિદ્ધ મંદિર ચોટીલા ક્યા જિલ્લામાં આવેલું છે?

(A) ભાવનગર
(B) જુનાગઢ
(C) સુરેન્દ્રનગર
(D) ગીર સોમનાથ

126. ચંદનના વૃક્ષોનું વન ધરાવતું સ્થળ બાલારામ ક્યા જિલ્લામાં આવેલું છે?

(A) સાબરકાંઠા
(B) બનાસકાંઠા
(C) પંચમહાલ
(D) ડાંગ

127. નીચે આપેલ વાક્યમાં રેખાંકિત શબ્દનો કૃદંતનો પ્રકાર જણાવો.

હું પણ ત્યાં જઈને બેસતો.

(A) વર્તમાનકૃદંત
(B) સંબંધક ભૂતકૃદંત
(C) આજ્ઞાર્થકૃદંત
(D) વિધ્યર્થકૃદંત

128. In the olden days, people believed that the earth was ________ .

(A) stationory
(B) stationari
(C) stationery
(D) stationary

129. જો (1) F, A નો ભાઈ છે. (2) C, A ની દિકરી છે. (3) K, F ની બહેન છે. (4) G, C નો ભાઈ છે, તો G ના કાકા કોણ છે?

(A) A
(B) C
(C) F
(D) K

130. ઈલેક્ટ્રિક જનરેટર ક્યા સિધ્ધાંત પર કાર્ય કરે છે?

(A) વિદ્યુત ઊર્જાનું યાંત્રિક ઊર્જામાં રૂપાંતર
(B) યાંત્રિક ઊર્જાનું વિદ્યુત ઊર્જામાં રૂપાંતર
(C) વિદ્યુત ઊર્જાનું ઉષ્મા ઊર્જામાં રૂપાંતર
(D) વિદ્યુત ઊર્જાનું પ્રકાશ ઊર્જામાં રૂપાંતર

131. 'જ્યાં ત્યાં આવી વય બદલી સંતાય, જાણે પરીઓ.' - અલંકાર ઓળખાવો.

(A) ઉપમા
(B) ઉત્પ્રેક્ષા
(C) રૂપક
(D) વ્યતિરેક

132. Give verb form of 'poor'

(A) to poverty
(B) to poorish
(C) to poorise
(D) to impoverish

133. વિન્ડોઝ ઓપરેટિંગ સિસ્ટમમાં ફ્રી ચેટ કરવા માટે ક્યું સોફ્ટવેર ઉપલબ્ધ છે?

(A) Windows Chat
(B) Windows Conference
(C) Windows Messenger
(D) Windows Outlook

134. સ્ટેટ ક્રાઈસીસ મેનેજમેન્ટ ગ્રુપના અધ્યક્ષ સ્થાને ક્યા વહીવટી અધિકારી બિરાજમાન થાય છે?

(A) રાહત કમિશનર
(B) CEO-GSDMA
(C) મુખ્ય સચિવ
(D) રાહત નિયામક

135. નર્મદને નીચેનામાંથી ક્યુ બિરુદ નથી મળ્યું?

(A) 'ગદ્યનો પિતા'
(B) 'અર્વાચીનોમાં આદ્ય'
(C) 'સમયમૂર્તિ'
(D) 'સવાઇ ગુજરાતી'

136. $\sqrt{16a^4} \times (\sqrt{8a^6})^{\frac{2}{3}}$ નું સાદુરૂપ આપતાં પરિણામ શું મળે?

(A) $16a^4$
(B) $128a^{12}$
(C) $8a^8$
(D) $16a^6$

137. Make exclamatory sentence of:

It was really a memorable match.

(A) What a match it was memorable!
(B) How memorable match was it!
(C) What a memorable match was it!
(D) What a memorable match it was!

138. આયુર્વેદ ચિકિત્સા પધ્ધતિ વધુ લોક-સ્વિકૃત બનાવવા રાજ્ય સરકારશ્રીના આરોગ્ય અને કલ્યાણ વિભાગ દ્વારા ક્યા બોર્ડની રચના કરવામાં આવી છે?

(A) ગુજરાત ઔષધીય ચિકિત્સા બોર્ડ
(B) ગુજરાત ઔષધ-વનસ્પતિ બોર્ડ
(C) ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડ
(D) ગુજરાત વનસ્પતિ ઔષધી બોર્ડ

139. લાંબા જોડે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય તે માટે તક જોઇ તમામ, શક્તિ વિચારી કરિયે કામ-પંક્તિમાં ક્યો છંદ છે તે લખો.

(A) દોહરો
(B) અનુષ્ટુપ
(C) ચોપાઇ
(D) સવૈયા

140. કુસુમની માતાની હાલની ઉંમર, કુસુમની હાલની ઉંમરથી છ ગણી છે. પાંચ વર્ષ પછી કુસુમની ઉંમર, તેની માતાની હાલની ઉંમરથી ત્રીજા ભાગની થશે તો કુસુમની માતાની હાલની ઉંમર કેટલી હોય?

(A) 25 વર્ષ
(B) 35 વર્ષ
(C) 40 વર્ષ
(D) 30 વર્ષ

141. કેન્દ્રશાસિત પ્રદેશોનો વહીવટ કેન્દ્રના ક્યા મંત્રાલયને હસ્તક છે?

(A) ગૃહ બાબતો
(B) નાણાં
(C) ઉદ્યોગ અને ખનિજ
(D) કાનૂની બાબતો

142. Find out correct spelling:

(A) Lieutenant
(B) Leiutenant
(C) Lieutenent
(D) Leftenant

143. 1972 માં રણજીતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરનાર અને "ભીની માટી ગંધે ઉશનસતણો પ્હાડ ઝમતો" કાવ્ય પંક્તિના રચયિતાનું નામ જણાવો.

(A) બાલમુકુન્દ દવે
(B) વેણીભાઇ પુરોહિત
(C) જયન્ત પાઠક
(D) નટવરલાલ પંડ્યા

144. પાંચ અસમરેખ બિંદુઓ પૈકી ત્રણ સમરેખ બિંદુઓ હોય, તો તેમના દ્વારા વધુમાં વધુ કેટલી ભિન્ન રેખાઓ નિશ્ચિત થાય?

(A) 6
(B) 8
(C) 10
(D) 12

145. ઉત્તરાખંડના નવનિયુક્ત મુખ્યમંત્રીનું નામ જણાવો.

(A) કે. પલાનિસ્વામી
(B) હરિશકુમાર રાવત
(C) એન. બિરેનસિંહ
(D) ત્રિવેન્દ્રસિંહ રાવત

146. Change into passive voice:

They asked me my name.

(A) My name is asked by them.
(B) I asked my name by them.
(C) I was asked my name by them.
(D) I am asked my name by them.

147. 'ફક્ત દસ મિનિટમાં આવી જાઓ' વાક્યમાં નિપાત જણાવો.

(A) દસ
(B) આવી
(C) ફક્ત
(D) જાઓ

148. ________ the dinner not ________ yet?

(A) Was ________ prepared
(B) Have ________ been prepared
(C) Has ________ been prepared
(D) Will ________ be prepared

149. ભારતીય બંધારણના અનુચ્છેદ 76 મુજબ ભારતના એટર્ની જનરલની નિમણૂંક કોના દ્વારા કરવામાં આવે છે?

(A) વડાપ્રધાન
(B) કેબીનેટ મિનીસ્ટ્રી
(C) રાષ્ટ્રપતિ
(D) લોકસભા અને રાજ્યસભા

150. માનવ રૂધિરમાં રક્તકણોની ખામી ધરાવતો થેલેસેમીઆ રોગ આ સદીનો ખતરનાક રોગ માનવામાં આવે છે. આ રોગના નિયંત્રણ તથા તેની સારવારને વેગ આપવા 'ઈન્ટરનેશનલ થેલેસેમીઆ ડે' ક્યા દિવસે મનાવવામાં આવે છે?

(A) 18, જુન
(B) 8, મે
(C) 8, માર્ચ
(D) 18, એપ્રિલ

151. 'મયૂરવાહિની' શબ્દનો સમાસ ઓળખાવો.

(A) કર્મધારય
(B) તત્પુરુષ
(C) બહુવ્રીહી
(D) ઉપપદ

152. Give synonym of 'poison'.

(A) elixir
(B) venom
(C) bitter
(D) fatal

153. Choose odd one out :

(A) Odour
(B) Fragrance
(C) Foul
(D) Incense

154. ગુજરાતના પ્રથમ વિધાનસભાની સભ્ય સંખ્યા કેટલી હતી?

(A) 200
(B) 150
(C) 170
(D) 132

155. પ્રોષિતભર્તૃકા શાનું આલંબન છે?

(A) કરુણતાનું
(B) વિયોગ શૃંગારનું
(C) વાત્સલ્યનું
(D) સૌભાગ્યનું

156. 4.8 મી લાંબા અને 3.52 મી પહોળાઈ ધરાવતા ભોંયતળીયા પર વધુમાં વધુ ક્ષેત્રફળ ધરાવતી ચોરસ ટાઇલ્સ નાંખવી છે. તો કેટલી ટાઇલ્સ જોઇએ?

(A) 135
(B) 150
(C) 165
(D) 178

157. ________ do you think, will get the first prize?

(A) Who
(B) Whom
(C) Whose
(D) How

158. બાબરા તાલુકો ગુજરાત રાજ્યના ક્યા જિલ્લામાં આવેલ છે?

(A) મહેસાણા
(B) પાટણ
(C) ભરૂચ
(D) અમરેલી

159. નીચે આપેલ વાક્યમાં રેખાંકિત શબ્દનો કૃદંતનો પ્રકાર જણાવો.
લખવું વાંચવું એ કંઇ કેળવણી નથી.

(A) વિધ્યર્થકૃદંત
(B) સંબંધકકૃદંત
(C) ભવિષ્યકૃદંત
(D) વર્તમાનકૃદંત

160. વિજ્ઞાન અને ગણિતની સંયુક્ત પરીક્ષામાં 100 વિદ્યાર્થીઓએ ભાગ લીધો. 85 વિદ્યાર્થી ઓછામાં ઓછા એક વિષયમાં પાસ થયા. વિજ્ઞાનમાં 75 અને ગણિતમાં 70 પાસ થયા. તો ફક્ત ગણિતમાં નાપાસ થનારની સંખ્યા શોધો.

(A) 15
(B) 20
(C) 25
(D) 30

161. જમિયલશા પીરની દરગાહનું સ્થાન દાતાર ક્યા જિલ્લામાં આવેલું છે?

(A) જુનાગઢ
(B) બોટાદ
(C) કચ્છ
(D) ભાવનગર

162. Tea is too hot for me to drink. (Change the voice)

(A) Too hot tea is drunk by me.

(B) I can not drink too hot tea.

(C) Tea is too hot to be drunk for me.

(D) Hot tea is drunk by me too.

163. 'ગાંધીયુગનું ગુજરાતી સાહિત્ય' ના લેખનકારનું નામ જણાવો.

(A) જયન્ત પાઠક (B) હરીન્દ્ર દવે

(C) સુરેશ દલાલ (D) બાલમુકુન્દ દવે

164. મેઘધનુષ્યની રચનામાં પ્રકાશની કઇ ઘટના ભાગ ભજવતી નથી?

(A) શોષણ (B) પરાવર્તન

(C) વક્રીભવન (D) વિભાજન

165. Outlook Express ક્યા પ્રકારનો પ્રોગ્રામ છે?

(A) ઈ-મેઈલ ક્લાયન્ટ (B) સર્વર ક્લાયન્ટ

(C) બ્રાઉઝિંગ ક્લાયન્ટ (D) સિસ્ટમ ક્લાયન્ટ

166. આપેલ શબ્દોમાંથી જુદો પડતો શબ્દ શોધો.

(A) એક્સ રે (B) કમ્પ્યુટર

(C) ટેલિફોન (D) ટેલિવીઝન

167. નીચેનામાંથી ક્યું ઉદાહરણ ઉપમા અલંકારનું નથી?

(A) કાચ, ઘડિયાળ અને સત્યની પેઠે ટાઈમટેબલ પણ નાજુક વસ્તુ છે.

(B) ધીમે-ધીમે તે ડગ ધરતો - કોઈ મત્ત ગજેન્દ્રની માફક

(C) વદન સુધાકરને રહું નિહાળી

(D) ડોહો સોટા જેમ હાલવા ચાલવા લાગ્યો.

168. Put proper Question tag:

Everyone stood up, ________ ?

(A) didn't they (B) did he

(C) wasn't he (D) were they

169. 126° ના માપના ખૂણાના પૂરકકોણના કોટિકોણનું માપ કેટલું થાય?

(A) 54°
(B) 36°
(C) 63°
(D) 27°

170. તાજેતરમાં વિશ્વના એક દેશમાં ઝેરી ગેસ દ્વારા હુમલો કરવામાં આવ્યો જેમાં અનેક નિર્દોષ નાગરિકોએ જાન ગુમાવ્યા. આ દેશનું નામ જણાવો.

(A) તુર્કી
(B) લિબિયા
(C) ઈરાક
(D) સિરિયા

171. મોડી મોડી ખબર પડી, બા તું જ છો જ્યોતિધામ ! છંદ લખો.

(A) મંદાક્રાન્તા
(B) પૃથ્વી
(C) શિખરિણી
(D) હરિગીત

172. ________ sincere are always rewarded.

(A) An
(B) A
(C) The
(D) Not required

173. રમેશ એક કામ 40 દિવસમાં પુરુ કરે છે. જ્યારે મહેશ તે જ કામ 60 દિવસમાં પૂરુ કરે છે. બંને સાથે કામ શરૂ કરે છે. 10 દિવસ પછી બીમારીને કારણે રમેશ કામ કરવાનું બંધ કરે છે. બાકીનું કામ કરવામાં મહેશને ________ દિવસ લાગે.

(A) 24
(B) 30
(C) 35
(D) 45

174. રાજ્યપાલની નિમણૂંક બંધારણની કઈ કલમ હેઠળ થાય છે?

(A) કલમ - 153
(B) કલમ - 155
(C) કલમ - 154
(D) કલમ - 156

175. 'કળ વળવી' - રૂઢિપ્રયોગનો અર્થ આપો.

(A) ભૂખ લાગવી
(B) ડર લાગવો
(C) ચિંતા થવી
(D) નિરાંત થવી

176. નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીના અધ્યક્ષ કોણ હોય છે?

(A) રાષ્ટ્રપતિ (B) વડાપ્રધાન

(C) સંરક્ષણમંત્રી (D) ગૃહમંત્રી

177. Find the word for 'domesticated bovine animals as a group regardless of sex or age'

(A) Caws (B) Kine

(C) Cowen (D) None

178. ગિંડી નેશનલ પાર્ક ક્યા રાજ્યમાં આવેલ છે?

(A) કેરળ (B) તામિલનાડુ

(C) કર્ણાટક (D) આંધ્રપ્રદેશ

179. 'મહારાજ તો ખુશ ખુશ થઈ ગયા !' વાક્યમાં નિપાત જણાવો.

(A) થઈ (B) ગયા

(C) તો (D) ખુશ ખુશ

180. અંગ્રેજી શબ્દકોશ પ્રમાણે નીચેનામાંથી ક્યો શબ્દ ચોથા ક્રમે આવશે?

(A) False (B) Follow

(C) Faithfully (D) Fool

181. મહાગુજરાતના આંદોલનનો ક્યા વર્ષથી આરંભ થયો?

(A) 1953 (B) 1956

(C) 1958 (D) 1952

182. We went early ________ to get a good seat.

(A) owing (B) so as

(C) but (D) due

183. કવિ "ઉશનસ્"નું મૂળ નામ જણાવો.

(A) નર્મદાશંકર રેવાશંકર મહેતા (B) ચંદ્રપ્રકાશ નટવરલાલ દલાલ

(C) નટવરલાલ કુબેરભાઈ પંડ્યા (D) નાનાલાલ પ્રાણલાલ દીવેટિઆ

184. ગુજરાત રાજ્યના સુરત જિલ્લાને નીચે દર્શાવેલ જિલ્લાઓ પૈકી ક્યા જિલ્લાની હદ સ્પર્શતી નથી?

(A) તાપી

(B) ડાંગ

(C) નવસારી

(D) નર્મદા

185. ગરમ પાણીના ઝરા માટે જાણીતું સ્થળ લસુંદ્રા ક્યા જિલ્લામાં આવેલું છે?

(A) ખેડા

(B) આણંદ

(C) બનાસકાંઠા

(D) સાબરકાંઠા

186. તાંબુ, પારો, ચાંદી અને સોનું ધાતુઓને ધાતુ સક્રિયતાના ઉતરતા ક્રમમાં ગોઠવો.

(A) Cu > Hg > Ag > Au

(B) Ag > Hg > Au > Cu

(C) Hg > Ag > Cu > Au

(D) Cu > Ag > Au > Hg

187. આપેલ શબ્દ માટે વિકલ્પોમાંથી સમાનાર્થી શબ્દ શોધો.

મુક્તા -

(A) માછલી

(B) માયાળુ

(C) મોતી

(D) માઝા

188. Give the Noun form of:

To weave

(A) woof

(B) web

(C) A and B

(D) weafe

189. એક સમાંતર શ્રેણીનું પ્રથમ પદ 5 અને છેલ્લું પદ 45 છે અને બધા પદોનો સરવાળો 500 હોય તો પદોની સંખ્યા કેટલી હશે?

(A) 19

(B) 20

(C) 21

(D) 22

190. PDF નું પુરું નામ શું છે?

(A) Portable Document File

(B) Portable Document Folder

(C) Portable Document Format

(D) Portable Document Form

191. નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિરોધી શબ્દ લખો.

(A) વીર × કાયર
(B) બહાદુર × મરદ
(C) માતેલું × મદમસ્ત
(D) ઉદ્યમ × શ્રમ

192. Fill in the blanks:

________ more ________ merrier.

(A) The, a
(B) A, A
(C) A, the
(D) The, the

193. SEBI ની સ્થાપના કરતો કાયદો ક્યારે ઘડાયો?

(A) 1995
(B) 1999
(C) 1992
(D) 2000

194. રાષ્ટ્રપતિની મહાભિયોગ પ્રક્રિયામાં સંસદમાં ________ જરૂરી છે.

(A) કુલ સભ્યસંખ્યાની 1/3 બહુમતી
(B) હાજર રહેલ સભ્યોની સંપૂર્ણ બહુમતી
(C) સામાન્ય સંમતિ
(D) કુલ સભ્યસંખ્યાની 2/3 બહુમતી

195. 'યુદ્ધસ્થ વિગતજ્વર' સંસ્કૃત શબ્દોનો અર્થ શું થાય છે?

(A) યુદ્ધ કર, જડ બન
(B) યુદ્ધો કરવાના છોડી દે
(C) જડતા છોડીને યુદ્ધ કરીશ નહિ
(D) જડતા છોડીને યુદ્ધ કર

196. વેપારી પોતાના માલ પર 20% અને 10% એમ બે ક્રમીક વળતર આપે છે. પરિણામી વળતર કેટલું થાય?

(A) 30
(B) 28
(C) 25
(D) 15

197. Convert into indirect speech:

He said: "Honesty is the best policy."

(A) He said that honesty is the best policy.

(B) He said that honesty was the best policy.

(C) He said honesty had been the best policy.

(D) He asked me if honesty is the best policy.

198. કોર્ટની અવમાનના કેસમાં હાજર ન રહેતાં તાજેતરમાં સુપ્રીમ કોર્ટે જસ્ટિસ સી.એસ. કરનન સામે ધરપકડ વોરંટ જારી કર્યું. આ જસ્ટિસ ક્યા શહેરની કોર્ટમાં ફરજ બજાવતા હતા?

(A) દિલ્હી (B) ચેન્નઈ

(C) કલકત્તા (D) હૈદરાબાદ

199. નીચે આપેલ શબ્દનો રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.

પગ ટકવો –

(A) અવર જવર બંધ કરવી (B) સ્થિર થવું

(C) જતા રહેવું (D) પગ ઉપર ઊભા રહેવું

200. બ્રિક્સ (BRICS) દેશોના સમુહમાં ભારત, બ્રાઝિલ અને રશિયા ઉપરાંત ક્યા દેશોનો સમાવેશ કરવામાં આવેલ છે?

(A) ચીલી અને સાઉદી અરેબીયા (B) ચીન અને શ્રીલંકા

(C) ચીન અને સાઉથ આફ્રિકા (D) ક્યુબા અને સ્પેન